## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ડેડી... તમારો ફ્રેન્ડ ઓનલાઈન નથી દેખાતો તેનો મતલબ એ મરી ગયો છે એમ ન હોય... નેટ પેક ખતમ થઈ ગયું હશે....!!

# સેક્ટર-૪ના વડીલ સાથે ૩૮ હજારની છેંતરપિંડી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૪ ખાતે રહેતા એક વડીલ સાથે ફેસબુક પર સંપર્ક કરીને વાયબ્રન્ટ સમિટમાં રોકાણના નામે મિત્રતા કેળવીને સ્મૃતિચિન્હો છોડાવવાના બહાને ગઠીયાએ રૂ.૩૮.૬૦૦ની છેંતરપિંડી કરી હતી. બનાવ અંગે એક વર્ષ બાદ વડીલે સેક્ટર-૭ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ શહેરના સેક્ટર-૪ બી ખાતે રહેતા ડો. દિનેશ પરષોતમદાસ કાપડીયા (ઉં.વ.૬૦) સચિવાલય ખાતે સંયુક્ત સચિવ તેમજ સામાજીક ન્યાય અધિકારીતા આયોગમાં સભ્ય સચિવ તરીકે ફરજ બજાવી ચુક્યા છે અને હાલ તેઓ નિવૃત જીવન પસાર કરી રહ્યા છે. ઓગસ્ટ-૨૦૧૮માં સોશ્યિલ મિડીયામાં મેસેન્જરમારફતે તેમના પર એક વ્યક્તિનો મેસેજ આવ્યો હતો. જેમાં ગઠીયાએ ફેસબુક પર બેનીતા મોર્ગન નામની ઓળખ આપી જાન્યુઆરી૨૦૧૯માં યોજનાર વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવા અને રોકાણ કરવાની ઈચ્છા દર્શાવી હતી. જેથી ફરીયાદીએ માત્ર વાઈબ્રન્ટ ગુજરાત સમિટની જરુરી માહિતી આપવા સિવાય અન્ય કોઈ ભુમિકા ભજવી ન હતી. જેથી ગઠીયાએ સમિટની માહિતી અને માર્ગદર્શન મેળવીને માનની લાગણી વ્યકત કરીને લંડનથી સ્મૃતિચિહ્નો મોકલવાની વાત કરી હતી. ગઠીયાએ ફરીયાદીને વોટ્સએપ અને કુરીયરની રીસીપ્ટ મોકલી આપ્યા પછી તા.૨૧-૮-૧૮ ના રોજ ફરીયાદીએ એક ફોન આવ્યો હતો. જેમાં લંડનથી બેનીતા મોર્ગન દ્વારા પાર્સલ મોકલાયું હતું. જો કે પહેલા કુરીયર પાર્સલના ચાર્જ પેટે રૂપીયા જમા કરાવવાનું કહ્યું હતું. જેથી ફરીયાદીએ ગઠીયાના કહેવા મુજબ બેંક ઓફ મહારાષ્ટ્ર ન્યુ દિલ્હી બ્રાંચના ખાતામાં રૂ.૩૮,૬૦૦ જમા કરાવ્યા હતા. રૂપીયા જમા કરાવ્યા બાદ ફરીયાદી પર બે દિવસ પછી બીજાવાર ફોન આવ્યો હતો. જેમાં પાર્સલમાં રૂ.૩૦ હજાર પાઉન્ડનું એક પર્સ હોવાથી કિલયરન્સ માટે રૂ.૮૦ હજાર અલગથી જમા કરાવવાનું કહ્યું હતું. જેથી છેતરપિંડી થઈ હોવાનો ખ્યાલ આવી જતા ફરીયાદીએ બીજા રૂપીયા જમા કરાવ્યા ન હતા અને ફોન દિલ્હીથી આવ્યો હોવાથી આ અંગે દિલ્હી પોલીસ કમિશનરને ઈ-મેઈલથી અરજી કરી હતી. બનાવ અંગે એક વર્ષ પછી સેક્ટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

## ખૂણેખાંચરેથી

- સોમવારથી અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાનો આરંભ થવાનો હોવાથી શનિવારે મોડી રાત સુધી રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે તેમના કાર્યાલયમાં બેસી તે અંગેની તૈયારીઓ કરી હતી.
- રાજ્યના મુખ્યમંત્રીના કમાન્ડો હવે શુટમાં નહિ પણ સફારીમાં જોવા મળશે. શિયાળાની વિદાય થતાં ડ્રેસ કોડમાં આ ફેરફાર કરાયો છે.
- ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૯-૨૦ના વર્ષ દરમ્યાન ૧૩૩ બાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ અંતર્ગત આવરી લેવામાં આવેલ છે.
- જિમમાં નિયમિત જતા ૬ જેટલા યુવાઓ વિરેચન કર્મ માટે કોલવડા સ્થિત મોડેલ આયુર્વેદ કોલેજમાં દાખલ થયા છે. પોતાની ફિટનેશને વધુ ચુસ્તતા બક્ષવા આ યુવાઓએ આયુર્વેદને પસંદ કર્યુ છે.
- ગાંધીનગર આઈ.ટી. આઈ.માં ડ્રાયવીંગ સ્કૂલમાં ગાડીને ૧૫ વર્ષ જુની થઈ જતાં તે ગાડી કન્ડમ કરાઈ અને હાલ ડ્રાયવીંગ સ્કૂલ બંધ કરાઈ છે.
- ગાંધીનગરના ગોંદરે ચાલતા વસંતોત્સવમાં આ વખતે ગાંધીનગરાઓનો રસ ઓછો થતાં આયોજકો માટે નવા પ્રશ્નો ઉભા થયા છે.

# ભાટ પાસે કારમાં આગ લાગતા એકનું મૃત્યુ

ભાટ મધર ડેરી પાસે આજે બપોરના સુમારે અચાનક કારમાં આગ ભભુકી ઉઠી હતી. કારમાં લાગેલી વિકરાળ આગમાં કાર ચાલક ગણતરીની મિનિટોમાં જ બળીને ભડથુ થઈ ગયો હતો. બનાવને પગલે ગાંધીનગર ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચીને આગ પર કાબુ મેળવી લીધો હતો. પરંતુ કાર સંપૂર્ણ બળીને ખાક થઈ ગઈ હતી. સળગી રહેલી કારને પગલે કોબા થઈ ઈન્દીરાબ્રિજ સુધીના માર્ગ પર ગાડીઓ ઉભી રહી જતા થોડા સમય માટે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા.

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામના અને સોલા ખાતે રહેતા યોગેશભાઈ કેશવલાલ પ્રજાપતિ (ઉં.વ.૫૦ રહે. સુર્યરત્ન સોસાયટી સોલા) સાંજના ૪ વાગ્યાના અરસામાં પોતની ગાડી નં.જી.જે. ૦૧.એચ.વાય-૨૮૯૬ નંબરની કાલ લઈને જઈ રહ્યા હતા. તે સમયે ભાટ પાસે આવેલી મધર ડેરી નજીક કારમાં આગ લાગી હતી. આગને પગલે દરવાજા લોક થઈ જતા યોગેશભાઈ કારની બહાર નીકળી શક્યા ન હતા અને ડ્રાઈવર સીટ પર જ તેઓ બળીને ભડથુ થઈ ગયા હતા. ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ થતા ફાયર ઓફિસર મહેશ મોડ તેમના સ્ટાફ સાથે તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી ગયા હતા.

# મોજશોખ માટે ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ચોરીના રવાડે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૭ પોલીસ મથકની સર્વેલન્સની ટીમે ચોરીના બે એકટીવા અને એક લેપટોપ સાથે એક સગીર સહિત ત્રણ ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પકડી પાડ્યા છે. મુળ સૌરાષ્ટ્રના અને શહેરમાં અભ્યાસ માટે રહેતા ત્રણેય વિદ્યાર્થીઓએ મોજશોખ માટે ચોરી કરતા થઈ ગયા હતા. સેક્ટર-૭ સર્વેલન્સની ટીમે ત્રણેય પાસેથી રૂ.૧.૨૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં વધતી જતી વાહનચોરી અને ઘરફોડ ચોરીને પગલે જિલ્લા પોલીસ વડાની સુચનાથી સેક્ટર-૭ પોલીસનો સર્વેલન્સ સ્કવોડ સક્રિય થઈ ગયો હતો. ત્યારે હે.કો.નિરવ રસિકલાલ અને કોન્સ્ટેબલ મહાવીરસિંહને ખાનગી રાહે સંયુકત બાતમી મળી હતી. જેથી પોલીસે સેક્ટર-૧૨ વિશ્વકર્મા મંદિર સામેથી એક સગીર અને નીલ કિરીટભાઈ વસાણી રહે.સેકટર-૨૬ એકટીવા સાથે પકડી પાડ્યા હતા. તેમની પુછપરછ કરતા ચોરીના બે એકટીવા અને એક લેપટોપ રીકવર કર્યા હતા. જી.જે.૦૧.યુ.ઈ.-૮૩૮૩ અને જી.જે.૦૧.યુ.ઈ.-૯૦૧૭ નંબરના બંન્ને એકટીવા સાબરમતિ રીવરફ્રન્ટથી ચોરી થયેલા છે. જયારે લેપટોપ સેકટર-૧૨ સ્થિત સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજની હોસ્ટેલમાંથી ચોરાયુ હતું. ચોરીના બે એકટીવા ઉદીત ગોપાલભાઈ દેકીવાડીયા સે-૧૨ ખાતે વેચાણ માટે મુક્યા હોવાનું જણાવતા પોલીસે તેને પણ પકડી પાડ્યો હતો. જયારે નીલ અને સગીર વિદ્યાર્થી સે-૨૬ ખાતે પીજી તરીકે રહે છે. જયારે ઉદીત ગણતરીના દિવસો પહેલા જ ગાંધીનગરસે-૧૨ સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજની હોસ્ટેલમાં રહેવા માટે આવ્યો હોવાનું ધ્યાને આવ્યું છે. ચોરી કરેલુ એકટીવા તેઓ નંબર બદલીને ફેરવતા હતા. પોલીસના હાથે તેઓ પકડાયા હતા તે સમયે જી.જે.૦૧.યુ.ઈ-૮૩૮૮ નંબરનું એકટીવા હતું. જેનો ખરો નંબર જી.જે.૦૧.યુ.ઈ-૮૩૮૩ છે. પોલીસે રૂ. ૨૬,૯૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ટીપી-૯મા સમુહ હોલીકા દહન પ્રસંગ

ટીપી-૯ વસાહતના પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તમામ સોસાયટીઓ સાથે મળી એક જ સ્થળે સમૂહ હોળીકા દહન પ્રસંગ યોજાય તે માટે રવિવારે પ્રાર્થના ગ્રીન્સના બગીચામાં મિટિંગનું આયોજન કર્યું હતું. સૌના સહિયારા સાથ થકી હિન્દુ ધર્મની આ પરંપરાને જાળવી આરોગ્ય અને સુખાકારી સારૂ વૈદિક હોલિકા દહનનુ મોટા પાયે આયોજન હાથ ધરવા સૌ એકમત થયા હતા. પ્રમુખ ઓરાની સામેના ગુડાના વિશાળ ખાલી પ્લોટમાં આ પ્રસંગ યોજવા સાફ સફાઈ પણ આરંભી દેવાઈ હતી. મિટિંગમાં મોટી સંખ્યામાં હાજર પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યોએ સ્વયં કામની જવાબદારી સ્વીકારી આ પ્રસંગને એકતા અને અખંડિતતા પ્રતિક બનાવી અદ્ભુત અને યાદગાર બનાવવા સૌએ ઉત્સુકતા દર્શાવી હતી.




લાયન્સ કલબ ગાંધીનગર અને ઓગણજ આંખની હોસ્પિટલ દ્વારા ૧લી માર્ચના રોજ જીંડવા, તા. દહેગામ ખાતે ૨૪માં નિશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ૪૦૧ દર્દીની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૨૫૦ જેટલા લાભાર્થીઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવેલ છે તેમજ ૭૨ જેટલા દર્દીઓને મોતિયાનું નિદાન થયેલ છે અને ૪૫ જેટલા દરદીઓને આંગણજ હોસપિટલમાં દાખલ કરેલ હતા. લાયન સભ્યોની પ્રોત્સાહક હાજરી માટે લાયન પ્રમુખ બી. કે. રાજેશ ગૌડા સૌ લાયન સભ્યોનો હૃદયથી આભાર માન્યો હતો. આ કેમપના આયોજક ડૉ.અમૃતભાઈ પટેલ હતા. અને ડાયરેક્ટર વિઝન લાયન કે. પી. પ્રજાપતિ, કોકિલાબેન પ્રજાપતિ, રાજેશ ગૌડા, ઉમંગ પંડયા, નટુભાઈ સોલંકી, રઘુસિહ ગોલ, ધવલભાઈ દવે, અજય પટેલ, ઉપેન્દ્ર સોલંકી, બિપિન પટેલ, ડૉ.દિલીપ ત્રિવેદી, ડૉ. અમૃતભાઈ પટેલ, રામચંદ્ર ઉપસ્થિત રહ્યા હતા.

# વિકાસ માટેની જાગૃતતાનો કોઈ તોડ નથી : કલેકટર

ગાંધીનગર, તા.૧

સરકાર પ્રજાને દ્વારે એ અભિગમ સાથે ઉનાવા ગામે યોજાયેલ રાત્રિ ગ્રામ સભામાં ગ્રામજનો દ્વારા રજૂ કરાયેલ પ્રશ્નો સાંભાળ્યા બાદ અધ્યક્ષ સ્થાનેથી બોલતાં જિલ્લા કલેક્ટર શ્રી કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, ગ્રામ લોકોની વિકાસ માટેની જાગૃતતાનો કોઈ તોડ નથી, જયાં લોકો શિક્ષિત છે. ત્યાં સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ ની જાણકારીથી મહત્તમ લાભ મેળવી શકે છે. ઉનાવા ગામના લોકોએ રોડ-રસ્તા-વીજળી-પાણી-શિક્ષણ તેમજ આરોગ્યની માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ હોઈ કોઈ માગણી કરી નથી. જે ગામ માળખાકીય સુવિધાઓથી સજ્જ છે. અને વિકાસમાં અગ્રેસર થઈ






સર્વાંગી વિકાસ સાધી શકે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે મે અત્યાર સુધીમાં ચાર રાત્રિસભા ભરી છે. પણ સૌથી મોટી સંખ્યામાં આજે ઉનાવા ગ્રામજનો હાજર રહીને ગ્રામ સ્વરાજયની હાર્દસમી ગ્રામસભામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પ્રશ્નોની રજૂઆત કરી છે. જે ગ્રામજનોની જાગૃતતા દર્શાવે છે.તેમણે રજૂ થયેલ પ્રશ્નોને હકારાત્મક અભિગમ સાથે વિચાર-વિમર્શ કરી ઉકેલ લાવવા ઉપસ્થિત સબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

આ સભામાં કલેકટરશ્રીના હસ્તે બેટી પઢાવો... બેટી બચાવો યોજના અંતર્ગત ઉનાવા ગામની ઉચ્ચ શિક્ષણ મેળવતી દિકરીઓ ધ્રુવી મુકેશભાઈ પ્રજાપતિ, સિધ્ધી ઘનશ્યામભાઈ પટેલ, વિરલબેન ભરતભાઈ અને ખુશી શૈલેષભાઈ ઠક્કર નું સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર. રાવલે જણાવ્યું કે આજે જિલ્લાનું સમગ્ર વહીવટી તંત્ર તમારે આંગણે તમારી રજૂઆતો સાંભળવા આવ્યું છે. તમારી રજૂઆતો સામે સરકારની પણ સમગ્ર ગ્રામિણ વિકાસની અપેક્ષાઓ છે. તેના માટે શિક્ષણ એક જ વિકાસનો મહામંત્ર છે. અગાઉ શિક્ષણની સુવિધાઓ ન હતી.

# કલ્પસરની કલ્પના પૂર્ણ થતાં વાર લાગશે પરંતુ ભાડભૂત યોજનાના કામો શરૂ કરાયા

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

ગુજરાતમાં કલ્પસર યોજના બને તે પહેલાં ભાડભૂત યોજનાની આશા બંધાઈ છે, કારણ કે રાજ્ય સરકારે આ યોજના માટે ૮૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. નાણા વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે કલ્પસર થઈ શકે તેમ છે કે નહીં તેવા ૨૫

**ચૂંટણી પંચના ખર્ચમાં લોકસભા-વિધાનસભાની ચૂંટણી એકસાથે યોજવાનો મુદ્દો સામે આવ્યો**

અહેવાલો તૈયાર થયાં છે અને હજી આઠ અહેવાલો બાકી છે. આ અહેવાલો માટે સરકારે ૬૦.૩૩ કરોડનો ખર્ચ કરશે, એટલે કે ૨૦૨૧ સુધીમાં હજી આ યોજના શરૂ થઈ શકે તેમ નથી પરંતુ ભાજભૂત કે જે કલ્પસરનો ભાગ છે તે યોજના શરૂ કરી દેવામાં આવી છે. સમુદ્રની ભરતીનું ખારૂં પાણી નર્મદા નદીમાં પ્રવેશતું અટકાવવા માટે તેમજ મીઠા પાણીનો સંગ્રહ કરવા નર્મદા નદી પર ભાડભૂત પાસે બેરેજ બની રહ્યો છે. આ યોજના હેઠળ નર્મદાનું પાણી ડાયવર્જન કેનાલ મારફતે કલ્પસરના સરોવરમાં લઈ જવાશે. અંકલેશ્વર થી ભાડભૂત વચ્ચે નર્મદા નદીના ડાબા કાંઠે ૨૪ કિલોમીટર લાંબો પૂરનિયંત્રક પાળો બનાવી ભારતનો સૌથી મોટો રિવરફ્રન્ટ બનાવવાનું આયોજન છે. આ બેરેકમાં સંગ્રહિત થનારા ૫૯૯ એમસીએમ પાણીના જથ્થા પૈકી ૩૦૦ એમસીએમ પાણી ઔદ્યોગિક વપરાશ માટે અપાશે. બેરેજના બાંધકામ માટે રાજ્ય સરકારે ૪૩૩૭ કરોડના કામોને વહીવટી મંજૂરી આપી છે.

**ગુજરાત સરકારની વેરા કમાણી વધી રહી છે...**

ગુજરાત સરકાર લોકો પાસેથી બે પ્રકારના કર ઉઘરાવે છે જેમાં એક કેન્દ્રીય કરવેરાનો હિસ્સો છે અને બીજો રાજ્યના પોતાના કરવેરા છે. કેન્દ્રીય કરવેરાની આવક પહેલીવાર એક લાખ કરોડને ક્રોસ થઈને ૧.૦૫ લાખ કરોડ થવાની ધારણા નાણાં વિભાગે રાખી છે. આ વેરામાં નિગમ કર, આવકવેરો, સંપત્તિવેરો, સીમાકર, આબકારી જકાત, સેવા કર, કેન્દ્રીય જીએસટી અને સંકલિત જીએસટી સહિત કુલ આઠ કરવેરાનો સમાવેશ થાય છે. કેન્દ્રીય કરવેરામાંથી ગુજરાત સરકારને આવતા વર્ષે ૨૬૬૪૬ કરોડ રૂપિયા મળશે. બીજી તરફ રાજ્ય સરકારના પોતાના ૧૧ કર મોજૂદ છે જેની આગામી વર્ષની આવકનો અંદાજ ૧.૩૧ લાખ કરોડ રાખવામાં આવ્યો છે. રાજ્યની કરવેરાની આવકમાં રાજ્ય જીએસટીનો હિસ્સો ૫૫૫૬૦ લાખ કરોડ થશે જ્યારે વેલ્યુ એડેડ ટેક્સ કે જે સામાન્ય રીતે પેટ્રોલિયમ પેદાશો પર રાખવામાં આવ્યો છે તેની કમાણી ૧૭૯૫૦ કરોડ થવાની ધારણા છે. વન નેશન વન ટેક્સના સ્લોગન સામે રાજ્યમાં હજી વેચાણવેરો, વેટ અને અન્ય વેરા પેટે સરકાર ૨૩૨૩૦ કરોડ રૂપિયાની કમાણી કરશે. વીજળી પરના વેરાની આવક ૮૭૦૦ કરોડ, વાહનપરના કરની આવક ૪૫૫૮ કરોડ, સ્ટેમ્પ અને નોંધણીની આવક ૮૭૦૦ કરોડ, જમીન મહેસૂલની આવક ૩૦૦૦ કરોડ અને માલ અને ઉતારૂ કરની આવક ૧૨૫ કરોડ અંદાજવામાં આવી છે. આ બન્ને કરની રકમ ૧.૩૧ લાખ કરોડ થવા જાય છે. એ ઉપરાંત રાજ્યની કર સિવાયની આવક ૧૪૬૦૦ કરોડ અને સહાયક અનુદાન અને કેન્દ્ર તરફથી મળતા ફાળાની આવક ૧૬૦૮૪ કરોડ થવાની છે.

**ગુજરાતમાં ચૂંટણી પંચને ૧૩૦ કરોડ અપાશે...**

ગુજરાતમાં આવતા વર્ષે લોકસભા કે વિધાનસભાની ચૂંટણી નહીં હોવા છતાં ચૂંટણી પંચના પગાર સહિતના ખર્ચને પહોંચી વળવા માટે રાજ્યના નાણા વિભાગે ૧૩૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની જોગવાઈ કરી છે. આ વખતે સામાન્ય વહીવટ વિભાગના ખર્ચના





પ્રતિકાત્મક તસવીર

આંકડામાં પહેલીવાર એવું નોંધવામાં આવ્યું છે કે લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એકસાથે યોજવામાં આવે તો તેના માટે ખર્ચનું આયોજન કરવાનું રહેશે. જો કે આ હેડ હેઠળ અત્યારે માત્ર ટોકનરૂપે ૧૦૦૦ રૂપિયા ફાળવવામાં આવેલા છે. રાજ્ય સરકારે ચૂંટણી પંચને ૨૦૧૮-૧૯માં ૨૬૭.૦૯ કરોડ આપ્યાં હતા, ત્યારપછીના વર્ષ ૨૦૧૯-૨૦ કે જેમાં લોકસભાની ચૂંટણી હતી ત્યારે ૪૮૩.૭૬ કરોડ ફાળવ્યા હતા પરંતુ ચૂંટણી પંચે ૪૬૧.૮૯ કરોડનો ખર્ચ કર્યો હતો. આગામી વર્ષ ૨૦૨૦-૨૧માં ચૂંટણી પંચને ૧૩૦.૩૮ કરોડ ફાળવવાનું નક્કી કર્યું છે જે પૈકી અધિકારી તેમજ કર્મચારીના પગાર-ભથ્થાં, મતદાર યાદીની સુધારણાના કાર્યક્રમો તેમજ મતદાર ઓળખપત્રોની કામગીરી કરવામાં આવશે. ચૂંટણી હોય કે નહીં, ચૂંટણી પંચને સરકાર દરવર્ષે તેના બજેટમાં ચોક્કસ રકમની ફાળવણી કરતી હોય છે.

**રાજ્યની બેન્કોમાં ૬.૯૭ લાખ કરોડની થાપણો સામે બેન્કોએ ૫.૯૦ લાખ કરોડનું ધિરાણ કર્યું છે**

**રાજ્યમાં સૌથી વધુ વીજળી ઉદ્યોગો વાપરે છે...**

ગુજરાતમાં એક સમય એવો હતો કે સૌથી વધુ વીજળી ખેતીવાડી ક્ષેત્રે વપરાતી હતી પરંતુ હવે સમય બદલાયો છે. સૌથી વધુ ૫૭.૭૭ ટકા વીજળી ઔદ્યોગિક અને વાણિજ્યિક ક્ષેત્રમાં વપરાય છે. રાજ્યમાં કુલ ૯૨૫૨૦ મિલિયન યુનિટ વીજ વપરાશની સામે ઔદ્યોગિક ક્ષેત્રે ૫૩૪૪૭ મિલિયન યુનિટ જોવા મળ્યો છે. બીજાક્રમે ૨૧.૩૯ ટકા એટલે કે ૧૯૭૮૯ મિલિયન યુનિટ વીજળી ખેતીવાડીમાં વપરાઈ છે. ઘરવપરાશની વીજળી ૧૫૪૪૩ મિલિયન યુનિટ તેમજ જાહેર દિવાબત્તી અને વોટર વર્કસ માટે ૨૩૯૦ મિલિયન યુનિટ વીજળી વપરાઈ છે. વીજળીનો અન્ય હેતુ માટે માત્ર ૧.૫૭ ટકાનો વપરાશ થાય છે. છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં વપરાતી માથાદીઠ વીજળીનો વપરાશ ૨૦૦૭ યુનિટથી વધીને ૨૨૦૮ યુનિટ થયો છે.

**ગુજરાતમાં વસતી કરતાં મોબાઇલ વધારે...**

ગુજરાતમાં ઓક્ટોબર ૨૦૧૯ના આંકડા પ્રમાણે બીએસએનએલના જોડાણોની સંખ્યા ઘટીને ૮.૪૭ લાખ થઈ છે જ્યારે મોબાઈલ યુઝર્સની સંખ્યા વધીને ૬.૯૨ કરોડ થઈ છે. રાજ્યમાં હાલ ૪.૬૪ કરોડ ઈન્ટરનેટ ધારકો છે. ગુજરાતની સામાજીક-આર્થિક સમીક્ષાના રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે

**કહેવાય વન નેશન-વન ટેક્સ છતાં ગુજરાતમાં હજી પણ ૨૦ પ્રકારના ટેક્સ ઉઘરાવાય છે**

વોડાફોન-આઈડિયા પાસે ૨૯.૫૯ કરોડ, ભારતી એરટેલ પાસે ૧૦.૯૦ કરોડ, રિલાયન્સ જીઓ પાસે ૨૨.૫૯ કરોડ મોબાઈલ યુઝર્સ છે. જો કે ટ્રાઈના છેલ્લા આંકડા પ્રમાણે ગુજરાતમાં રિલાયન્સ જીયો સૌથી વધુ રેવન્યુ જનરેશન કરતી મોબાઈલ કંપની બની છે. રાજ્યમાં બીએસએલએલ મોબાઈલના જોડાણો ઘટીને ૬૦.૬૯ લાખ રહ્યાં છે, જ્યારે અન્ય કંપનીઓના માત્ર ૫૮૨ મોબાઈલ જોડાણો છે. ખૂબજ ઓછા સમયમાં રિલાયન્સ જીયો ૩૬૯.૯૩ મિલિયન યુઝર્સ સાથે ભારતની નંબર વન મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર કંપની બની છે.

**રાજ્યની બેન્કોમાં ૬.૬૭ લાખ કરોડની થાપણો...**

ગુજરાતની બેન્કીંગ સર્વિસ મજબૂત બનતાં બેન્કોની કુલ શાખાઓની સંખ્યા એક વર્ષમાં ૯૩૫૭ થી વધીને ૯૭૯૭ થઈ છે. આજેપણ બેન્કોની સૌથી વધુ શાખાઓ ગ્રામીણ વિસ્તારમાં જોવા મળે છે. આ શાખાઓનો આંકડો ૩૬૧૭ થવા જાય છે. રાજ્યની બધી બેન્કોમાં થાપણોની રકમ ૬.૯૭ લાખ કરોડ રૂપિયા થવા જાય છે જે ગયા વર્ષે ૬.૬૨ લાખ કરોડ હતી. એવી જ રીતે ધિરાણની સંખ્યા ગયા વર્ષના ૫.૩૯ લાખ કરોડ થી વધીને ૫.૯૦ લાખ કરોડ થઈ છે. છેલ્લા એક વર્ષમાં થાપણોની રકમમાં ૩૪૮૫૬ કરોડ તેમજ ધિરાણની રકમમાં ૫૧૨૭૨ કરોડનો વધારો થયો છે. મહત્વની બાબત એવી છે કે પ્રાથમિકતાવાળા ક્ષેત્રોમાં ધિરાણની રકમ સૌથી વધુ ૨.૭૦ લાખ કરોડ છે. ખેતીક્ષેત્રનું ધિરાણ ૮૩૦૦૦ કરોડ થયું છે. નાના પાયાના ઉદ્યોગોનું ધિરાણ ૧.૨૭ લાખ કરોડ જેટલું છે, જ્યારે બેન્કોએ નબળા વર્ગોને આપેલા ધિરાણનો આંકડો ૪૧૦૦૦ કરોડ છે. ગુજરાતની બેન્કોમાં ખેડૂત ધિરાણ કાર્ડની સંખ્યા ૨૭.૦૮ લાખ છે જેમાં ૪૬૮૩૯ કરોડની રકમ પડી છે, જો કે કાર્ડની સંખ્યામાં ૨૧૦૦૦નો ઘટાડો થયો છે.

**ખાદી ફોર નેશન મિશન ગુજરાતમાં ફેઇલ...**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખાદીને વૈશ્વિક સ્તરે લઈ જવા માટે ખાદી ફોર નેશનનું સૂત્ર આપ્યું છે પરંતુ આ સૂત્ર ખાદી ફોર ગુજરાત બની શક્યું નથી. આપણી કમનસીબી એ છે કે ખાદીનો પ્રચાર કરી શકીએ છીએ પરંતુ ઉત્પાદન વધારી શકતા નથી.